( ૪૪૭ )

આ લેખ ખંભાતમાં આવેલા સ્તંભન ( થંભણ ) પાર્શ્વનાથના મંદિરમાં એક શિલા ઉપર કોતરેલો છે. વડોદરાની સેંટ્રલ લાઇબ્રેરીના સંસ્કૃત સાહિત્ય વિભાગના નિરીક્ષક સદ્ગત શ્રાવક શ્રીયુત ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. તરફથી મને આ લેખની નકલ મળી છે. લેખનો સાર આ પ્રમાણે છે.—

સંવત્ ૧૩૬૬ ની સાલમાં સ્તંભનપુર એટલે ખંભાત શહેરમાં, જ્યારે, પૃથ્વીતલને પોતાના પરાક્રમથી આંજી નાંખનાર અલ્લાવદ્દીન બાદશાહનો પ્રતિનિધિ અલપખાન રાજ્ય કરતો હતો તે વખતે, જિનપ્રબોધસૂરિના શિષ્ય શ્રીજિનચંદ્રસૂરિના ઉપદેશથી ઉકેશવંશવાળા સાહ જેસલ નામના સુશ્રાવકે શ્રાવકની પોષધશાલા સહિત અજિતદેવ તીર્થંકરનું ભવ્ય મંદિર બંધાવ્યું. સાહ જેસલ જૈન ધર્મનો પ્રભાવિક શ્રાવક હતો. તેણે ઘણા યાચકોને અને પોતાના સમાન ધાર્મિઓને વિપુલ દાન આપી તેમના દારિદ્રયનો નાશ કર્યો હતો. ઘણા આડંબરવાળા નગર પ્રવેશ પૂર્વક તેણે શત્રુંજય અને ગિરનાર આદિ મહાતીર્થોની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘ સાથે યાત્રા કરી હતી. પાટણમાં તેણે શાંતિનાથ દેવનું વિધિચૈત્ય બંધાવ્યું હતું અને તેની સાથે પોષધશાલા પણ બંધાવી હતી. તેના પિતાનું નામ સાહ કેશવ હતું અને તેણે જેસલમેરમાં પાર્શ્વનાથ તીર્થંકરનું સંમેતશિખર એવા નામે વિધિચૈત્ય કરાવ્યું હતું. સાહ જેસલને, સાહ રાજુદેવ, સાહ વોલીય, સાહ જેહડ, સાહ લખપતિ અને સાહ ગુણધર એટલા ભાઇઓ હતા; અને સાહ જયસિંહ, સાહ જગધર, સાહ સલષણ, સાહ રત્નસિંહ આદિ પુત્રો હતા.

આ લેખમાં જણાવેલો બાદશાહ અલાવદીન તે સુપ્રસિદ્ધ બાદશાહ અલાઉદ્દીન ખિલજી છે જેણે સૌથી પ્રથમ ગુજરાતને મુસલમાની સત્તા તળે આણ્યું હતું અને સર્વસાધારણમાં તે અલાઉદ્દીન ખુનીના નામે ઓળખાય છે. લેખમાં બીજું નામ અલ્પખાનનું છે, તે તવારીખો પ્રમાણે અલાઉદ્દીન બાદશાહનો સાળો થતો હતો અને ગુજરાતનો પ્રથમ સુબો મનાય છે. (જુઓ, ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ, પૃ૨.)

( ૪૪૮ )

આ લેખ, ખંભાતમાં આવેલા કુંથુનાથના મંદિરમાંથી મળી આવ્યો છે અને ભાવનગર રાજ્ય તરફથી પ્રકાશિત થએલ " પ્રાકૃત અને સંસ્કૃત શિલાલેખોનો સંગ્રહ " એ નામના ઇંગ્રેજી પુસ્તકમાં એ મુદ્રિત થએલો છે. એ લેખ ૩૧ ઇંચ લાંબા અને ૧૬ ઇંચ પહોળા ધોળા આરસ પહાણ ઉપર કોતરેલો છે. લેખ અપૂર્ણ છે તેથી તેની સાલ વિગેરે કાંઈ જણાતી નથી.

ઉપલબ્ધ ભાગમાં ૧૯ પદ્યો છે અને તેમાં નીચે પ્રમાણેની બાબતોનો ઉલ્લેખ છે.

૧ લા કાવ્યમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવની સ્તવના છે. ૨જા અને ૩જા કાવ્યમાં ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથની સ્તુતિ છે. ૪થા પદ્યમાં સામાન્યરીતે સર્વતીર્થંકરોની પ્રશંસા છે. ૫ માં અને ૬ ઠા કાવ્યમાં ચૌલુક્યવંશની ઉત્પત્તિનું સૂચન છે. ૭ મા અને ૮ મા પદ્યમાં એ વંશમાં પાછળથી થએલા અર્ણોરાજ નામના રાજાની પ્રશંસા છે. ૯ મા શ્લોકમાં એ અર્ણોરાજની સલક્ષણદેવી નામે રાણીનું સૂચન છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦ મા, ૧૧ મા અને ૧૨ મા પદ્યમાં તેમના પુત્ર લવણપ્રસાદનું વર્ણન છે. ૧૩ મા શ્લોકમાં તેની સ્ત્રી મદનદેવીનો ઉલ્લેખ છે. પછીના ૪ પદ્યોમાં તેમના પ્રાક્રમી પુત્ર વીરધવલની વર્ણના છે અને ૧૮ મા શ્લોકમાં તેની રાણી વયજલદેવીનો નામનિર્દેશ કરેલો છે. ૧૯ મા કાવ્યમાં વીસલદેવ રાજાના ગુણ વર્ણવ્યા છે. અંતે ૩૦ મા કાવ્યની એકજ લાઇન બચી રહી છે અને ત્યાંથીજ લેખ ખંડિત થઇ ગયો છે. લેખનો ઉપક્રમ જોતાં લેખ બહુ મ્હોટો અને ઉપયોગી હોવો જોઇએ પરંતુ કોણ જાણે કયાં અને કયારે તે નષ્ટ થયો હશે તે કાંઇ કહી શકાય તેમ નથી.

( ૪૪૯ )

ખંભાતમાં ચિંતામણિ પાર્થનાથનું એક જૂનું મંદિર છે તેમાં એક ઠેકાણે કઠણ કાળા પત્થર ઉપર આ લેખ કોતરેલો છે. લેખની શિલા ૩૨ ઇંચ લાંબી અને ૧૯ ઇંચ પહોળી છે અને તેમાં એકંદર ૨૯ પંકિતઓ ખોદેલી છે. ડાબી બાજુએ એ શિલાનો ઉપરનો થોડોક ભાગ ભાંગી ગએલો છે તેથી પ્રથમની ૧૧ પંકિતઓનો શુરૂઆતનો વધતો ઓછો લેખાંશ ખંડિત થઇ ગયો છે. લેખની રચના પદ્યમય છે અને પદ્યોની સંખ્યા ૪૭ જેટલી છે. આ લેખ પણ ઉપરના લેખની માફક ઉકત પુસ્તકમાં પ્રથમ પ્રકાશિત થઇ ગયો છે. લેખનો કેટલોક ભાગ ઉપર જણાવ્યા પ્રમાણે ખંડિત થઇ જવાથી તેનો ભાવાર્થ સ્પષ્ટ કળી શકાતો નથી. તેમજ જે ભાગ અખંડ છે તેમાં પણ કેટલીક અશુદ્ધિઓ જણાય છે અને તેના લીધે સંબંધાર્થ સ્ફુટ થતો નથી. ભાવનગર રાજ્ય તરફથી પ્રકાશિત ઉકત પુસ્તકમાં આનો શબ્દશઃ ઇંગ્રેજી અનુવાદ આપવામાં આવ્યો છે પરંતુ તે બહુજ અશુદ્ધ અને અસંબદ્ધ છે. આ કારણથી આ ઠેકાણે હું આ આખા લેખનું વિસ્તૃત અને સ્પષ્ટ વિવેચન નહિ આપી માત્ર સારાંશજ આપું છું.

પ્રારંભના ૪ શ્લોકોમાં પાર્શ્વનાથ તીર્થંકરની સ્તુતિ કરેલી છે. પાંચમા શ્લોકમાં ' સંવત્ ૧૧૬૫, જયેષ્ઠવદિ ૭ સોમવાર ' આ પ્રમાણે મિતિ આપી છે. આ મિતિ અહિં શી બાબતની આપી છે તે, એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોકનો ઉત્તરાર્ધ નષ્ટ થઇ જવાથી સ્પષ્ટ થતું નથી. આ લેખની સાલ તો આગળ ઉપર જણાવ્યા પ્રમાણે સંવત્ ૧૩૫૨ ની છે. કદાચિત્ આ પ્રથમની મિતિ મંદિર બંધાવ્યાની સાલ હશે.

૬ઠા થી ૧૦ મા શ્લોક સુધીના ભાગમાં ગુજરાતના રાજકર્તા ચૌલુકય વંશના છેવટના રાજાઓની વંશાવલી છે જે ઇતિહાસમાં વાઘેલવંશ તરીકે પ્રસિધ્ધ છે. ૬ ઠા શ્લોકનો જે ભાગ જતો રહ્યો છે તેમાં આ વંશના મુખ્ય પુરૂષનું એટલે અર્ણોરાજનું નામ હોય તેમ જણાય છે. તેનો પુત્ર લૂણિગ એટલે લવણ પ્રસાદ થયો. તેનો પુત્ર વીરધવલ થયો. ઇતિહાસો તેમજ બીજા લેખોના અનુસન્ધાનો પ્રમાણે વીરધવલને વીરમ, વિસલ અને પ્રતાપમલ્લ એમ ત્રણ પુત્રો હતા, તેમાં છેલ્લા પુત્ર એટલે પ્રતાપમલ્લનુંજ નામ આ લેખમાં આપવામાં આવ્યું છે. એ પ્રતાપમલ્લનો પુત્ર અર્જુન એટલે અર્જુનદેવ નામે રાજા થયો. તેને બે પુત્રો થયા જેમાં મ્હોટાનું નામ રામ એટલે રામદેવ હતું. ન્હાનાનું નામ ઉપલબ્ધ નથી પરંતુ તે સારંગદેવ હશે જેનો ઉલ્લેખ આ લેખમાં આગળ ઉપર ૪૬ મા શ્લોકમાં કરવામાં આવ્યો છે.

આ પછી પાર્શ્વનાથમંદિર નિર્માતાના વંશનું વર્ણન આવે છે. સ્તંભતીર્થપુર એટલે ખંભાત ( ? ) માં રાજમાન્ય એવા મોઢવંશમાં ખેલાનામે કરી એક પ્રસિદ્ધ મ્હોટો ધનવાન અને ધર્મી પુરૂષ થયો. તેને સર્વગુણસંપન્ન એવી બાહડા નામે સ્ત્રી હતી. તેણે પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું. તેનો પુત્ર વિકલ થયો જે પુણ્યવાન અને સર્વ લોકોમાં માનિતો હતો. તેણે સૂર્યના મંદિરની આગળ એક મંડપ બંધાવ્યો. તેને એક રત્ના નામે બ્હેન હતી જે ધનસિંહ સાથે પરણી હતી અને ભીમડ, જાલ્હણ, કાકલ, વયજલ, ખીમડ આદિ વંશના ઉદ્ધારક એવા તેનેપુત્રો થયા હતા. ૧૮ મા શ્લોકમાં કોઇ યશોવીરનો ઉલ્લેખ છે જે પોતાના પિતરાઇ ભાઇઓ સાથે જૈન અને શૈવ બંને ધર્મોનું પાલન કરતો હતો. ૧૯ મા અને ૨૦ મા શ્લોકમાં આસવડ અને તેની સ્ત્રી જાલ્હણદેવીના બે પુત્રોનો ઉલ્લેખ છે જેમાં એકનું નામ મદનપાલ હતું. બીજાનું નામ જતું રહ્યું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧ મા શ્લોકમાં કોઈ ખેતલ ( ? ) નામના રાજાનો ઉલ્લેખ છે જે સિંહના બાલક જેવો નિર્ભય હતો અને ' વિજયસિંહ ' ના નામે તે સર્વત્ર પ્રસિદ્ધ હતો. ૨૨ મા શ્લોકમાં જણાવ્યું છે કે એ વિજયસિંહનો લાલા નામનો ન્હાનો ભાઇ મરી ગયો હતો તેના પુણ્યાર્થે તેણે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૨૩ અને ૨૪ મા શ્લોકમાં એ વિજયસિંહની જ પ્રશંસા વર્ણવી છે. ૨૫ મા શ્લોકમાં, તેની અનૂપમા, શ્રીદેવી અને સૂહવી એમ ત્રણ સ્ત્રિઓ જણાવી છે. ૨૬ મા શ્લોકમાં, તે વિજયસિંહના પુત્ર દેવસિંહનો ઉલ્લેખ છે. ૨૭ મા શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે–તે વિજયસિંહ વિદ્વન્માન્ય એવા યશઃકીર્તિ ( ? ) નામના આચાર્યના બોધથી અર્હંતદેવની ત્રિકાલ પૂજા કર્યા કરતો હતો.

૨૮ મા શ્લોકમાં, હુંકાર ( ? ) વંશમાં જન્મેલા સાંગણનું, ૨૯ મા માં, સિંહપુરવંશમાં જન્મેલા જયતાનું, અને ૩૦ મા માં, પ્રલ્હાદન નામના શ્રાવકનું વર્ણન કરેલું છે. ૩૧ મા પદ્યમાં સૂચવ્યા પ્રમાણે આ ત્રણે જણ, તથા હવે નીચે જેમનાં નામ આપવામાં આવશે તે બધા કોઇ આભા નામના પ્રસિદ્ધ પુરૂષના ન્હાના ભાઇ સાથે માલવા, સપાદલક્ષ ( એટલે મારવાડમાં આવેલો અજમેર પાસેનો પ્રાંત ) અને ચિત્રકૂટ ( ચિતોડ ) થી અહિં ( ખંભાતમાં ) આવ્યા હતા. ( ? ) ૩૧ થી ૩૯ શ્લોકોમાં આ પ્રકારના બધા ગૃહસ્થોનો ઉલ્લેખ કરેલો છે. નામો આ પ્રમાણે—પ્રસિદ્ધ જૈન સાધુ ( એટલે સાહુકાર ) શાંભદેવ, ધાંધુ, કલ્હુ, હાલ્લ, રાહડ, રાજમાન્ય ગજપતિનો પુત્ર ધર્માત્મા. ધામા, નભોપતી ( ? ) સાધુ નોડેક, શુભસૌંડ ( ? ) ઘેહડ, સોમ, અજયદેવ, ખેતહરિ, તેનો ન્હાનો ભાઇ પૂનહરિ, આપણ, દેદો, રત્નો, અને છાજુ ( આદિ ). આ બધા જિનભકત હતા. એમણે બધાએ ભેગા મળીને પાર્શ્વનાથની વિધિપૂર્વક હમેશાં પૂજા થતી રહે તેના માટે નીચે પ્રમાણે લાગો બાંધ્યો. વસ્ત્ર, ખાંડ, કુષ્ટ, મુરૂ, માંસી, સટંકણ ( ? ) ચામડું, રંગ આદિ દ્રવ્યથી ભરેલા એક બળદ દીઠ એક દ્રમ્મ; તથા ગોળ, કાબળ, તેલ આદિ ચીજોથી ભરેલા બળદ પ્રતિ અડધો દ્રમ્મ; એમ બજારમાં આવતા માલ ઉપર કર ન્હાખ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વામાં આવ્યો. આ કર વડે પાર્શ્વનાથની પૂજા વિગેરે થાય તેવું લખાણ કર્યું. આ લખાણની તારીખ સંવત ૧૩૫૨ ની છે. આ લખાણ કરતી વખતે સારંગદેવ રાજા રાજ્ય કરતો હતો. છેવટના બે પદ્યોમાં જણાવ્યું છે કે–જે મંદિરના ખર્ચ માટે આ લાગો બાંધવામાં આવ્યો તેની દેખરેખ મુખ્ય કરીને નીચે જણાવેલા ગૃહસ્થો રાખતા હતા. તેમનાં નામો આ પ્રમાણેઃ–નાના, તેજા, ધના, મોષ, આહરા, દેવો, રાજ્યદેવ, ભોજદેવ, સાલ્હ અને રત્ના આદિ.

આ પ્રશસ્તિ ઠ. સોમાએ લખી અને સૂત્રધાર પાલ્હાકે કોતરી છે.

( ૪૫૦ )

આ લેખની એક હસ્ત લિખિત પ્રતિ મને વડોદરાના પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. ના શાસ્ત્ર સંગ્રહમાંથી મળી આવી છે. મૂળ લેખ કયાં આગળ આવેલો છે તે કાંઈ એ પ્રતિમાં લખેલું નથી. પરંતુ લેખમાં આપેલા વર્ણન ઉપરથી સમજી શકાય છે કે તે ખંભાતના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરનો હોવો જોઈએ. આ લેખની ઉપરનો લેખ પણ ચિંતામણિપાર્શ્વનાથના મંદિરમાંજ આવેલો છે. પરંતું તે તો આના કરતાં બહુ જુનો છે. તેથી જણાય છે કે આ લેખમાં જણાવેલું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર ઉપરના લેખમાં સૂચવેલા મંદિર કરતાં જૂદું હોવું જોઈએ. આ લેખમાંની હકીકત પ્રમાણે તો સ્પષ્ટ જણાય છે કે એ મંદિર નવીનજ બાંધવામાં આવ્યું હતું. ખંભાત નિવાસી અથવા ત્યાંના પૂર્ણ માહિતગાર કોઈ શ્રાવક અથવા મુનિરાજ આ બાબતમાં તપાસ કરી કાંઇ હકીકત લખી જણાવશે તો અન્યત્ર એ બાબત ખુલાસો આપી શકાશે. અત્ર તો ફકત લેખનો સાર જ હાલમાં આપવામાં આવે છે.

આ લેખની છેવટે જે ગદ્ય ભાગ છે તે કોઇ સ્વતંત્ર બીજો લેખ હોય તેમ જણાય છે અને કોઇ પ્રતિમાનાં પદ્માસન નીચે કોતરેલો હોવાનું અનુમાન થાય છે. પદ્યભાગ ખાસ મ્હોટી શિલા ઉપર કોતરેલો હોવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખના એકંદર ૬૨ પદ્યો છે. તેમાં પ્રારંભના બે પદ્યોમાં ક્રમથી પાર્શ્વનાથ અને મહાવીર દેવની સ્તુતિ કરવામાં આવી છે. ૩ જા કાવ્યમાં ભગવાન્ શ્રીમહાવીરદેવના સુધર્મ ગણધર, જેમની શિષ્ય-સંતતિએ આ કાળમાં જૈન ધર્મનું સંરક્ષણ કર્યું છે તેમની પ્રશંસા છે. ૪ થા શ્લોકમાં સંવત્ ૧૨૮૫ માં તપાબિરૂદ પ્રાપ્ત કરનાર જગચ્ચંદ્રસૂરિનો ઉલ્લેખ છે. એ જગચ્ચંદ્રસૂરિની કેટલીક પેઢીએ હેમવિમલસૂરિ થયા અને તેમના શિષ્ય આનંદવિમલસૂરિ થયા. ( ૫ ) પોતાના સમયમાં સાધુસમુદાયને પોતાના આચારમાં શિથિલ થએલો જોઇ, સંવત્ ૧૫૮૨ માં તેમણે ક્રિયોદ્ધાર કર્યો. ( ૬ ) એ આનંદ વિમલસૂરિના શિષ્ય વિજયદાનસૂરિ થયા ( ૭ ) અને તેમના પટ્ટધર આચાર્ય સુપ્રસિદ્ધ શ્રીહીરવિજયસૂરિ થયા. ( ૮ ) પછીના ૫ શ્લોકોમાં હીરવિજયસૂરિના પૂણ્યાવદાતોનું સંક્ષિપ્ત સૂચન કરેલું છે, તે આ પ્રમાણેઃ—સંવત્ ૧૬૩૯ માં તેમને અકબર બાદશાહે ફતેપુર (શિકરી) માં આદરપૂર્વક બોલાવ્યા હતા. બાદશાહે તેમના કથનથી પોતાના સમગ્ર દેશોમાં છ માસ સુધી જીવહિંસા થતી અટકાવી હતી. વળી તેણે પોતાના રાજ્યમાં જે 'જીજીઆ વેરો' લેવામાં આવતો હતો તેમજ મરેલા મનુષ્યોની સંપત્તિ સરકારમાં જમા કરવામાં આવી હતી તે, એ આચાર્યના ઉપદેશથી બંધ કરાવી હતી. શત્રુંજય નામનું જૈનોનું પવિત્ર સ્થળ બાદશાહે જૈનસમાજને સ્વાધીન કર્યું હતું અને તેની યાત્રા કરનાર યાત્રી પાસેથી જે 'મુંડકા વેરો' લેવાતો હતો તે બંધ કરવામાં આવ્યો હતો. મેઘજી નામના એક લુંકા મતનો પ્રસિદ્ધ અને આગેવાન સાધુ, પોતાના અનુયાયી એવા કેટલાક બીજા સાધુઓ સાથે, સ્વમતનો આગ્રહ છોડી હીરવિજયસૂરિનો શિષ્ય થયો હતો. ૧૪ માં પદ્યથી તે ૨૨ માં સુધીમાં એ હીરવિજયસૂરિના મુખ્ય શિષ્ય આચાર્ય વિજયસેનસૂરિના ગુણોનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવ્યું છે. હીરવિજયસૂરિની માફક એમને પણ અકબર બાદશાહે ઘણા આદરપૂર્વક પોતાની પાસે લાહોર મુકામે મુલાખાત લેવા બોલાવ્યા હતા. ત્યાં બાદશાહની સભામાંજ કેટલાક બીજા વિદ્વાનો સાથે એમણે શાસ્ત્રચર્ચા

૪૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી હતી અને તેમાં એમને 'વિજય' મળ્યો હતો. હીરવિજયસૂરિના કથનથી જેવી રીતે બાદશાહે પોતાના સામ્રાજ્યમાં છ મહિના સુધી જીવહિંસા થતી બંધ કરી હતી તેવીજ રીતે એમના કથનથી પણ તેણે પુનઃ કર્યું હતું. વિશેષમાં તેણે આ વખતે ગાય, ભેંસ, બળદ, અને પાડાને મારવાનો, સર્વથા અને સદાને માટે પ્રતિબંધ કર્યો હતો.

અહિંથી પછી, લેખના મુખ્ય નાયક જે પરીખ વજીઆ રાજીઆ છે તેમની હકીકત શુરૂ થાય છે.

ગન્ધારપુરમાં, પૂર્વે શ્રીમાલી વંશના પરીક્ષક કુટુંબનો આલ્હણસી નામે એક પ્રસિદ્ધ અને પુણ્યવાન્ ગૃહસ્થ થઇ ગયો. ( ૨૩ ) તેનો પુત્ર દેલ્હણસી, તેનો મુહલસી, તેનો સમરા, તેનો અર્જુન અને તેનો ભીમ નામે પુત્ર થયો. ( ૨૫ ) ભીમને લાલૂ નામની ગૃહિણી થી જસીઆ નામે સર્વજનપ્રિય પુત્ર થયો, અને તેની સાક્ષાત્ લક્ષ્મી જેવી જસમાદેવી નામે પત્ની થઇ. ( ૨૪ ) એ પુણ્યશાલી દમ્પતીને વજીઆ અને રાજીઆ નામે બે પિતૃવત્સલ અને સજ્જનમાન્ય શ્રેષ્ઠ પુત્રો થયા. (૨૬) વજીઆને વિમલાદેવી નામે અને રાજીઆને કમલાદેવી નામે પતિભક્તા પત્ની હતી. (૨૭) તેમાં મોટા ભાઇને એક મેઘજી નામે સુપુત્ર થયો. (૨૮ પાછળથી વજીઆ અને રાજીઆ બંને પ્રેમપરાયણ ભાઇઓ પોતાની જન્મભૂમિ ગંધાર છોડી ખંભાતમાં આવી રહ્યા. (૨૯)ત્યાં બંને ભાઇઓએ પોતાના હાથે ઉપાર્જન કરેલી અઢળક લક્ષ્મીનો સદ્માર્ગે વ્યય કરી ખૂબ યશ મેળવ્યું. ( ૩૦ ) તેમની કીર્તિ સર્વત્ર ખૂબ પ્રસરી અને તે તરફ સાર્વભૌમ બાદશાહ અકબરના અને આ તરફ પોર્તુગાલના ગવર્નરના દરબારમાં તેમને ઘણું માન મળતું હતું. ( ૩૧ ) તે બંને ભાઇઓ, આચાર્ય હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિના પરમ ભક્ત હતા અને તેમના ઉપદેશાનુસાર નિરંતર ધર્મકાર્યમાં આગેવાની ભર્યો ભાગ લેતા હતા. ( ૩૨ ) આ બંને બંધુઓએ સંવત્ ૧૬૪૪ માં વિપુલ ધન ખર્ચી પાર્શ્વનાથ અને વર્દ્ધમાન એમ બે તીર્થંકરોની પ્રતિમાઓની ઘણા આડંબર અને ઠાઠપૂર્વક વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૩૩–૩૪ ) તેમાં પાર્શ્વનાથની પ્રતિમાને 'ચિન્તામણિ પાર્શ્વનાથ'નામે સ્થાપન કરી. ( ૩૫ ) એ પ્રતિમા ૪૧ આંગળ ઉંચી અને શેષનાગથી સેવિત હતી. ( ૩૬ ) તેમજ મસ્તક ઉપર સર્પની સાત ફણાઓ કોતરેલી હતી. ( ૩૭–૩૮ ).

આ પછી, ૨૧ શ્લોકોમાં, આ બંને ભાઇઓએ કરાવેલા ચિંતામણિ પાર્શ્વનાથ નામના મંદિરનું, કે જેમાં ઉપર્યુક્ત પ્રતિમાઓ સ્થાપન કરવામાં આવી હતી તેનું, વર્ણન આપવામાં આવ્યું છે. તે આ પ્રમાણેઃ—

એ મંદિરમાં બાર સ્તંભો હતા, અને ૭ દ્વારો હતાં. સાત ન્હાની ન્હાની દેવકુલિકાઓ હતી અને બે દ્વારપાલોની મૂર્તિઓ હતી. મૂલ પ્રતિમાની આસપાસ બીજી પંચવીસ ઉત્તમ મૂર્તિઓ સ્થાપન કરવામાં આવી હતી. એ મંદિરમાં વળી, એક ભવ્ય ભૂમિગૃહ ( ભોંયરૂં ) હતું જેને ૨૫ પગથિઆં હતાં. એ સોપાનની સામેજ સુંદરાકૃતિવાળી ગણેશની મૂર્તિ બેસાડેલી હતી. એ ભૂમિગૃહ સમચતુરસ્ર ( ચોરસ ) હતું અને દશ હાથ જેટલું ઉંચું હતું. એની અંદર બીજી ન્હાની ન્હાની ૨૬ દેવકુલિકાઓ હતી અને પાંચ એનાં દ્વાર હતાં. એ ભૂમિગૃહના પણ બે દ્વારપાલો હતા, તેમજ ચાર ચામરધારકો હતા. એની વેદિકા ઉપર ૩૭ આંગળ પ્રમાણ આદિનાથની, ૩૩ આંગળ પ્રમાણ મહાવીરદેવની અને ૨૭ આંગળ પ્રમાણ શાંતિનાથની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. વળી એ ભૂમિગૃહમાં ૧૦ હાથિઓ અને ૮ સિંહો કોતરેલા હતા. આવી રીતે સ્થંભતીર્થ ( ખંભાત ) માં ભૂષણ સમાન અને જોવાલાયક એ મંદિર ઉક્ત બંને ભાઇઓએ બંધાવ્યું હતું. ( ૩૯–૫૯ ).

છેવટના ત્રણ શ્લોકોમાં, આ પ્રશસ્તિ બનાવનાર વિગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.–કમલવિજય કોવિદના શિષ્ય હેમવિજય* કવિએ

---

* 'વિજયપ્રશસ્તિ' નામના કાવ્યની રચના કરનાર આજ હેમવિજય કવિ છે. કીર્તિકલ્લોલિની આદિ બીજી પણ અનેક કૃતિઓ એમની કરેલી છે. જુઓ વિજય પ્રશસ્તિ કાવ્યની પ્રશસ્તિ શ્લો. ૪૭–૫૦.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રશસ્તિની રચના કરી હતી અને લાભવિજય[1] પંડિતે એનું સંશોધન કર્યું હતું. કીર્તિવિજય[2] નામના તેમના ગુરૂબંધુએ શિલા ઉપર લખી આપી હતી અને શ્રીધર નામના શિલ્પિએ ( સલાટે ) તેને કોતરી કાઢી હતી.

છેવટે જે ગદ્યભાગ છે તેમાં પણ ટુંકાણમાં આ આખા લેખની મુખ્ય હકીકત પુનઃ આપી દેવામાં આવી છે.

* * *

આ પ્રશસ્તિમાં આપેલું વર્ણન વિજયપ્રશસ્તિ કાવ્યના ૧૧ મા સર્ગમાં પણ અક્ષરેઅક્ષર આપેલું છે. એટલુંજ નહિં પરંતુ આમાંના ૩૭, ૩૮, ૩૯ અને ૫૯ નંબરનાં પદ્યો તો, થોડાં શબ્દોના ફેરફાર સાથે, જેમના તેમજ એ કાવ્યના ઉક્ત સર્ગમાં મળી આવે છે. ત્યાં એમની સંખ્યા ક્રમથી ૪૯, ૫૦, ૫૩ અને ૬૯ ની છે. આમ હોવાનું કારણ સ્પષ્ટજ છે કે આ 'પ્રશસ્તિ' અને તે કાવ્યના કર્તા એકજ હોવાથી સ્વાભાવિક રીતેજ પ્રશસ્તિના પદ્યો કાવ્યમાં લઇ શકાય છે.

* * *

આ લેખમાં વર્ણવેલા પરીખ વજીઆ રાજીઆ સત્તરમી સદીમાં થઇ ગએલા સમર્થ શ્રાવકોમાંના એક મુખ્ય હતા. ખંભાત નિવાસી શ્રાવક કવિ ઋષભદાસે 'હીરવિજયરાસ' માં આ બંને ભાઇઓની હકીકત લંબાણથી આપી છે. કવિ ઋષભદાસ—

" પારેખ વજીઆ રાજીઆ, જૈન સિરોમણિ જાણ.
જિનમતવાસી જિન જપે, સિર વહે જિનની આણ[3]. "

આવા શબ્દોથી તેમના ગુણવર્ણનનો પ્રારંભ કરે છે, અને પૂર્વકાલમાં

---

૧ આ લાભવિજય તે ઘણું કરીને સુપ્રસિદ્ધ તાર્કિક મહોપાધ્યાય યશોવિજયજીના ગુરૂના ગુરૂ જે લાભવિજય છે તેજ હોવા સંભવે છે.

૨ કીર્તિવિજય પણ મહોપાધ્યાય વિનયવિજયજીના જે ગુરૂ થાય છે તેજ આ હોય તેમ સંભવે છે.

૩ જુઓ 'હીરવિજયસૂરિરાસ' પૃ. ૧૫૨, (દે. લા. ફંડ તરફથી મુદ્રિત).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઇ ગએલા વિમલશાહ અને વસ્તુપાલ જેવા મહાન્ સમર્થ શ્રાવકોની સાથે તેમની તુલના કરે છે. તેમણે, ૧ ગંધારમાં, ૧ ત્રંબાવતી (ખંભાત) માં, ૧ નેજામાં અને ૨ બાદોડે એમ એકંદર પાંચ જિનમંદિરો બંધાવ્યાં હતાં. સોના, ચાંદી, રત્ન, પ્રવાલા અને પિત્તલ આદિ અનેક ધાતુઓની સંખ્યાબંધ તેમણે પ્રતિમાઓ બનાવરાવી હતી. તેવીજ રીતે પાષાણની પણ અગણિત પ્રતિમાઓ ભરાવી હતી. ઘણા મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આબૂ, ગોડી અને રાણકપુર વિગેરે તીર્થોની યાત્રાર્થે તેમણે સંઘો કાઢયા હતા. અકબર બાદશાહના દરબારમાં પણ તેમનું બહુ માન હતું અને બાદશાહે તેમનું દાણ માફ કર્યું હતું. પોર્તુગાલના ( ફિરંગિઓના ) અધિકારિઓ પણ તેમનો ખૂબ સત્કાર કરતા હતા. તેમણે અનેકવાર અમારિ પળાવી હતી. ક્રોડો માછલિઓ અને ગાય, ભેંસ, બકરાં, પંખી વિગેરે પ્રાણિઓને જીવિતદાન અપાવ્યું હતું. તેમના કથનથી સરકારી અધિકારિઓ અનેક ગામોનો વિધ્વંસ કરતા અટકી જતા હતા. અનેક બંદિવાનોને તેમણે કેદખાનાઓમાંથી છોડાવ્યા હતા. બાદશાહ તરફથી તેમને આવું માન આપવામાં આવ્યું હતું કે ફાંસિએ લટકાવેલો મનુષ્ય પણ જો તેમની દષ્ટિએ પડી જાય તો તેની ફાંસી માફ થઇ શકતી હતી. ઋષભદાસ કવિ કહે છે કે–રાજીઆના ગુણોનો કહેતાં પાર આવે તેમ નથી.

" અનેક ગુણ રાજીઆ કેરા, કહેતાં ન પામું પારરે. "

તેના આવા અનેક ગુણોમાંથી એક પ્રસંગનો ખાસ ઉલ્લેખ કરતાં એ ખંભાતી કવિ કહે છે કેઃ—

એક વખતે ચેઉલ ( ચીઉલ ) ના એક ખોજગીને બીજા કેટલાક માણસો સાથે કેદ કરીને ફીરંગી લોકો ગોવામાં લઇ આવ્યા. તે ખોજગીએ ઘણા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તેને કોઇ પણ રીતે છોડવામાં ન આવ્યો. એટલામાં, એ ફિરંગીઓનો અધિકારી જેનું નામ વિજરેજલ હતું તેની પાસે પરીખ રાજીઓ જઇ ચઢયો અને તેની નજરમાં તે ખોજગી આવતાં, તેણે વિજરેજલને તે બધાને છોડી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુકવાનું કહેતાં તુરત છોડી તેમને દેવામાં આવ્યા હતા. પરંતુ પાછળથી વિજરેજલે તે ખોજગી ઉપર એક લાખ લ્યાહરી ( તે વખતે ચાલતું નાણું ) નો દંડ કર્યો. જો એ દંડ ભરે તોજ તે પોતાના દેશમાં જઇ શકે તેમ હોવાથી પોતાનો કોઇ જામીન થાય તેમ તે ખોજગી કહેવા લાગ્યો. પરંતુ જામીન કોઇ ન મળવાથી, ફિરંગીઓ તેને છોડવા માટે આનાકાની કરવા લાગ્યા. જ્યારે આ વાતની ફરી પરીખ રાજીઆને ખબર પડી ત્યારે તે ખોજગીનો જામીન થયો અને તેને છુટો કરાવી પોતાની વખારે તેડી લાવ્યો. ત્યાં આવી ખોજગી બહુ ખિન્ન થયો અને પોતાની પાસે તે વખતે કાંઇ પણ ન હોવાથી હતાશ થઇ મરવા તૈયાર થયો. તેને રાજીઆએ ધીરજ આપી તેના વાસસ્થાન ચિઉલ બંદરે રવાનો કર્યો. ત્યાંથી તેણે એક લાખ લ્યાહરી મોકલી આપી. અને આવી રીતે વિના સ્વાર્થે પરોપકાર કરવાથી તેમજ પોતાને જીવિતદાન અપાવ્યાથી તે ખોજગી પરીખ રાજીઆનું હમેશાં ગુણગાન કરતો હતો.

એક વખતે તે ખોજગીએ ૨૨ ચોરોને પકડયા હતા અને જૈનોના પર્યુષણમાં આવતા તેલાધરના દિવસે ( ભાદ્રવા સુદી ૧ ) તેમને તરવાર વડે મારી નાંખવાનો હુકમ કર્યો હતો. જલ્લાદો તરવારો ખેંચી જેવા તેમને મારવા જાય છે તેવાજ તે ચોરો [ તે દિવસનું સ્મરણ થઇ આવવાથી ] બોલી ઉઠયા કે આજે તો પરીખ રાજીઆનો મ્હોટો તહેવાર છે તેથી અમને ન મારો. ખોજગી રાજીઆનું નામ સાંભળી બહુ ખુશી થયો અને તે ચોરોને તુરત છોડી દઇ બોલ્યો કે રાજીઆ તો મ્હારો મ્હોટો મિત્ર અને જીવિત આપનાર છે. ઇત્યાદિ આવી રીતે એ મહાન્ શ્રાવકના પુણ્યાવદાતોનો ઉલ્લેખ કરતો છેવટે એ કવિ કહે છે કે—

' મુનિવરમાં ગુરૂ હીરજી, અસુર અકબ્બર સાર;
વણિગ વંશમાં રાજીઓ, દયા દાન નહિં પાર.'

ગોવામાં, એક વખતે ફિરંગીઓ એક કોઇનું મ્હોટું વહાણ પકડી લાવ્યા હતા અને તેમાંના માણસોની મિલ્કત લુટી લઇ તેમને મારવાની તૈયારી કરતા હતા. પરીખ રાજીઆને ખબર પડતાં તેણે તે બધાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડાવ્યા હતા અને તેમનો માલ પાછો અપાવ્યો હતો. સંવત્ ૧૬૬૧ માં જ્યારે ભારે દુષ્કાળ પડયો ત્યારે તેણે ચાર હજાર મણ અનાજ મફત આપી સેંકડો વંશોને મોતથી ઉગાર્યાં હતા. ઘણા માણસોને રોકડા રૂપિઆ આપ્યા હતા. અનેકોને ગુપ્તદાન આપ્યું હતું. ગામેગામ પોતાના માણસો મોકલી અનેક દુઃખી અને ભૂખ્યા કુટુંબોને ગુપ્ત રીતે અન્નદાન આપતો હતો. અનેક ગામોમાં તેણે પૌષધશાળાઓ બંધાવી આપી હતી. લોકોને ઘેર ચંદરવા, પુંઠયા, તેમજ રોકડ નાણાની લાહણી આપી હતી. આવી રીતે એકંદર તેત્રીસ લાખ રૂપીઆ દાનપુણ્યમાં ખર્ચ્યાં હતા. પાછળથી તેનો પુત્ર પારીખ નેમિ પણ તેની કીર્તિને વધારે એવાં સુકૃત્યો કરનાર નિકળ્યો હતો અને તેણે પણ શત્રુંજય તીર્થનો સંઘ કાઢી સંઘપતિનું તિલક કરાવ્યું હતું."

( જુઓ હીરવિજયસૂરિરાસ, પૃ. ૧૫૨ થી ૧૫૭ સુધી. )